# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

રાષ્ટ્રને ભાંગે, છે સૌ સંકુચિતતામાં રાજી!
કોમ નો તો કોઇ છે, પ્રાદેસિકતા નો કાજી?
ભાજી સમજે એકતાને, લાજી લોકશાહી -
ચૂંટણીઓ આવે ને નેતાઓ ખેલે છે બાજી!
(મનસે ની મનમાની)

**હાઇકુ**

શકુની નાઠા,
‘હિંદુત્વ’ના જુગારે
‘ન્યાય’ની રેડ
(મેનેજરનું ‘મૌન’)

બળે ભડકે,
રાજકીય કૌભાંડો -
કેગ અંગારે..

## ચિંતન

**દાતુરૂન્નત વિત્તસ્ય ગુણ યુક્તસ્ય ચાર્થિનઃ ।**
**દુર્લભઃ ખલુ સંયોગઃ સદ્‌બીજ ક્ષેત્રયો રિવ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’ નો આ શ્લોક છે :

‘જેની પાસે પુષ્કળ ધન પણ હોય, દાનવૃત્તિ ધરાવવાનો સદ્‌ગુણ પણ હોય અને ઘણા સારા સદ્‌ગુણ પણ ધરાવતો હોય, પણ પરિસ્થિતિ વશ યાચક હોય, જેમ કે સારૂં બીજ અને સારૂં ફળદ્રુપ ખેતરનો સંયોગ જેમ દુર્લભ છે તેમ, આવા દાતા અને આવા યાચક પણ દુર્લભ છે.’

સંસારમાં ઇશ્વરે આવી અનેક મર્યાદાઓ મુકી છે જે વિદ્યાર્થીનું મગજ સારૂં છે. ભણવામાં સારી રૂચિ પણ હોય અને ઘર-નાણા અને માતા-પિતાનું પ્રોત્સાહન નથી મળતું, જેને તમામ સવલત-સુવિધાઓ પ્રાપ્ત હોય એનું મગજ સાથ ન આપે અથવા ભણવામાં જ રૂચિ ન હોય!

કર્તવ્યનિષ્ઠ કર્મચારીની કદર ન થાય અને લુચ્ચા - દંભી પ્રિયપાત્ર થઇ બોસની આગળ-પાછળ ભમતા રહે -

સદ્‌ગુણી પતિ કે પત્ની ઘરમાં સુખી ન હોય, જયારે બદ ચાલના પતિ કે પત્ની દંભી દેખાવથી પ્રેમને છલકતો-બહેકતો રાખતાં હોય છે અને એકમેકને મૂર્ખ બનાવતાં મજામાં રહે છે.

બધી પરિસ્થિતિ સાનુકૂળ હોય એવું આ સંસારમાં ભાગ્યે જ જોવા મળે છે.

## સુવિચાર

- ચિત્રકામ કરવા કરતાં, પુસ્તકો લખવા કરતાં, કોઇ રંગમંચ પર વાનરવેડા કરવા કરતાં, આંતરિક ખોજ માટે યાત્રા કરવામાં અપાર સર્જકતા ભરેલી છે- **જે. કૃષ્ણમૂર્તિ**
- આત્મ વિવેચન વિનાનું જીવન વ્યર્થ છે - **સોક્રેટીસ**
- આપણે અપ્રમાણિક છીએ એટલું સ્વીકારવા પૂરતા પ્રમાણિક બનીએ તોય ઘણું, અને દંભી છીએ એટલું કબૂલવા પૂરતા નિખાલસ બનીએ તો પણ ઘણું - **હરિન્દ્ર દવે**
- તમારા ‘હું’ પર વીંટળાયેલા અજ્ઞાનરૂપી આવરણો ને કાઢી નાખો, ત્યારે તમારો ‘હું’ ઇશ્વરના ‘હું’ સાથે એકાકાર થશે - **સંત મિખિલ નેઇમી**
- વિસંવાદનું કારણ બીજાંઓમાં શોધવા કરતાં તે વિસંવાદ દૂર કરવાનું કારણ પોતાનામાં શોધવું એ હિતકારત છે - **માતાજી**
- આખા વિશ્વમાં એક જ તમે સુધારો કરી શકવાની ખાતરી આપી શકો, એ ખૂણો તે તમારું પોતાનું અંતઃકરણ - **હકસલી**

## બોધ કથા

જાણીતા સૂફી સંત-હઝરત અબ્દુલ કાદિર જીલાની, પીરને પીર-સંત શિરોમણિ તરીકે ઓળખાય છે. તેમનાં પિતાનું નામ અબૂ સાહેલ અને માતાનું નામ ફાતિમા. હિજરી ૪૭૦માં તેમનો જન્મ ઇરાનમાં થયો. તેમનો એક જ આદર્શ-ધર્મ-પ્રચાર હતો ‘સત્ય’ને માર્ગે ચાલો, સત્ય બોલો.

જયારે વયસ્ક થયા ત્યારે વૃધ્ધ માતા પાસે ધર્મ જ્ઞાન માટે બગદાદ જવાની રજા માગી. માએ કહ્યું, બેટા - સત્ય એ જ ધર્મ છે કોઇ પણ હાલતમાં ‘સત્ય’ બોલવાનું છોડતો નહીં. અને એક ગોદડીમાં છૂપાવેલી ચાલીસ દિનાર આપતાં કહ્યું, આમાં ચાલીસ દિનાર છે તને કામ આવશે, આશીર્વાદ લઇ બગદાદને માર્ગે આગળ વધ્યા.

માર્ગમાં ભયંકર ડાકુઓએ મુસાફરો પર હુમલો કર્યો. માલ આપી દેવાને બદલે જેણે વિરોધ કર્યો, જૂઠું બોલ્યાં તેમનાં માથાં કપાઇ ગયાં.

એક ડાકુ અબ્દુલ કાદિર પાસે આવ્યો અને કરડાકીથી પૂછ્યું, બોલ! શું છે તારી પાસે?! કાદિરને મા ના શબ્દો યાદ આવ્યા. ગોદડી આપતાં કહ્યું, આમા ચાલીસ દિનાર છે.

ડાકુએ ખાતરી કરી, કાદિરને સરદાર પાસે લઇ ગયો, એની સચ્ચાઇ અને નિર્ભયતા જોઇ ડાકુઓ એ તેને ગોદડી સાથે જવા દીધો.

આ અબ્દુલ કાદિરની કબર બગદાદમાં છે પણ અમદાવાદના જમાલપુરમાં તેમનાં વંશજની એક કબર છે.

# યુવાકાળ પ્રાપ્તિનો કાળ છે, જે કંઇ પ્રાપ્ત કરવું હોય તે આ સમયની તપન અને તડપ ઉપર આધારિત છે

## શ્રુતિ બંધનમ્ સ્વામી વિવેકાનંદજી વિશેષ

- ડો. બ્રિજ

વ્યક્તિનો જીવન પર કેટલાક મહાન સંજોગથી વણાય છે. કયારેક જન્મ સમય, સ્થળ, કૌટુંબિક સંસ્કાર, અઢળક મહેનત અને કયારેક પ્રારબ્ધ ઉપર જીવનપટ વિકસે છે એવું કહેવાય છે. મને અંગત રીતે ગીતાકાર શ્રીકૃષ્ણ ઉપર અનહદ વિશ્વાસ છે. એટલે કહું કે જીવનનો પટ ઇશ્વરની એકમાત્ર મરજી ઉપર નિર્ભર છે. સૃષ્ટિના અંતરંગ રંગો - પ્રકૃતિ બધું જ ઇશ્વરે આપણા માટે સજાવ્યું હોય છતાં તેની મરજી કાયમ છે. આ બધાની વચ્ચે આપણને એ મોકળાશ આપે છે. અને તેની મરજી મુજબનું ઘડતર આદરે છે. એટલે જ ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધામાં લેશમાત્ર કચાશ ન ચાલે.

ભગવદગીતાના કર્મયોગ અધ્યાયમાં ૩૦મા શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે :

મયિ સર્વાણિ કર્માણિ
સંન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશી ર્નિર્મિમે : ભૂત્વા
યુધ્વસ્ય વિગતજ્વરઃ ॥ ૩ - ૨૦ ॥

‘મારામાં લાગેલા ચિત્ત દ્વારા સંપૂર્ણ કર્મ આશારહિત, મમતા રહિત અને સંપાતરહતિ થઇ તું યુધ્ધ કર.’ જીવન યુધ્ધની બાબતમાં પણ આ ત્રણ બાબતો એટલી જ પ્રસ્તુત છે. જીવન આશા-મમતા અને સંતાપથી પર થવું સ્વામીજી જેવા યોગી માટે સરલ હોય. અને એટલે જ આવા માનવો આગવી ઓળખ સ્થાપી દેતા હોય છે. યુગો લગી ઇશ્વરેચ્છાના માર્ગે ચાલ્યાનું ફળ તેઓ ભોગવે છે. એટલે જ સ્વામીજી આપણા હૃદયસ્થ છે. સ્વામીજી આ સૃષ્ટિના કણ-કણમાં વિસ્તીર્ણ છે. અવકાશમાં તેમના વિચારોની સુવાસ કોઇનાં શ્વાસમાં આત્મવિશ્વાસ ભરે છે. અને આ ધગશ નામનું તત્ત્વ સ્વામીજીના જીવન પટને વિશાળતા બક્ષવા નિમિત્ત બને છે.



સ્વામીજીની યુવાવસ્થા વિકાસનાં પંથે - જ્ઞાનના પથે અને શંકા - સંશયના સમાધાન પંથે વહે છે. એપણે પશ્ચિમની ફિલસૂફી, વિજ્ઞાન, ઇતિહાસ અને કળાનો અભ્યાસ શરૂ કર્યો. આ જ્ઞાન-વિજ્ઞાન પાછળ રહેલા રહસ્યોને પામવા તરફ તેમનું બૌધિક પ્રયામ હતું એમ કહેવાય. તત્ત્વજ્ઞાનના ઘણાં ખરાં વાદો બુધ્ધિને કસતાં ગણિત જેવા હોય છે. એમાં મનુષ્યની ઊર્મિશીલતા હોતી નથી. આવા બોદા વાદોથી માનવની સર્જનાત્મકતા કે ભાવનાત્મક શક્તિ ખીલતી નથી. નરેન્દ્રનાથ આવા સ્થૂળ જ્ઞાનથી પર હતા. તેમને સત્યની અનુભૂતિ જોઇતી હતી. તેઓની સમજ પાકી હતી કે સાચી ફિલસૂફી આધ્યાત્મિક સાધનાની જનની હોય, સર્જનાત્મક શક્તિના સ્રોત સમી અને મનુષ્યની ઇચ્છાશક્તિને પુષ્ટ કરનારી શ્રેષ્ઠ પ્રેરણાશક્તિ રૂપ હોય, ફિલસૂફી જો મનુષ્યની ભાવનાશીલતાને ન ખીલવે તો એમાં કશો માલ નથી. તેમણે ઉપનિષદો - વેદાંતની ચર્ચા માટે અનેક દલીલો કરી. તેને કારણે જ વિચારનું સામર્થ્ય અને વેધક વિવેધબુધ્ધિ તેઓ કેળવી શક્યા. વૈજ્ઞાનિક શોધવૃત્તિ તેમને વિચારો પ્રત્યે સબળ બનાવતી રહી. અને તેને લીધે જ વિશ્વના તખ્તા પર તેઓ માન્ય થયા.

નરેન્દ્રનાથ પ્રકૃતિપુરૂષ હતા. અને એટલે જ તેઓ પ્રારબ્ધવાદી કે નાસ્તિક ન બન્યા. જિજ્ઞાસુવૃત્તિ તેમનામાં શોધવૃત્તિને પ્રબળ રાખે છે. વિચારની તાકાત મેળવવા તેમનું મન તેમને સતત ઘડતું રહ્યું હતું. જ્ઞાન પ્રાપ્તિના માર્ગે તેઓ હર્બર્ટ સ્પેન્સરનું તત્ત્વજ્ઞાન, કાન્ટ અને શોપરહોર, જોન સ્ટુઅર્ટ મિલ, ઓગસ્ટ કોમ્તે, એરિસ્ટોટલનાં ગૂઢ તત્ત્વજ્ઞાનમાંથી પસાર થાય છે. તેમની સૂક્ષ્મ બુધ્ધિ બધું બારિકાઇથી ચકાસે છે, અને તેમાંથી એક વિચારપુરૂષ ઊભો થાય છે.

નરેન્દ્રનાથના જીવનમાં જ્ઞાન અને અનુભવ બન્નેનો ભારે પ્રભાવ રહ્યો. પશ્ચિમના દેશોની ફિલસૂફી, વેદ-ઉપનિષદનું જ્ઞાન અને સદેહે ઇશ્વરપ્રાપ્તિનો આનંદ માણતો માનવ રામકૃષ્ણદેવ. નરેન્દ્ર શ્રીરામ કૃષ્ણના વિવિધ આધ્યાત્મિક અનુભવોને ચકાસી જોતા ત્યારબાદ આ અનુભવને સ્વીકારતા. સત્યનું પ્રાપ્ત થવું સરલ નથી. બોલવું ખૂબ સહેલું છે, અનુસરવું ખૂબ જ કઠિન છે. સ્વામીજી વિશ્વનાં ગૂઢ રહસ્યોને ઉકેલવા માટે સર્વ મોજશોખ અને જિંદગીનો પણ ભોગ આપવા તત્પર હતા. પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાંથી તેઓ સત્ય શોધવા મથ્યા છે. અને છેવટે અધ્યાત્મને સ્વીકારી વિશ્વના માનવોમાં ચેતનાનો શંખ ફૂંકવા સમર્થ બને છે. જ્ઞાન પ્રાપ્તિની તેમની આ અનોખી રીત હતી. તેમનું સંશોધન તત્ત્વજ્ઞાન પૂરતું સિમિત ન હતું. જ્ઞાનતંતુઓનાં તંત્રને સમજવા તેઓ શરીર વિજ્ઞાનનો પણ અભ્યાસ કરે છે અને વિશ્વની માનવજાતિને સમજવા ઇતિહાસનો પણ સથવારો લે છે. તેઓ માનતા કે ઇતિહાસ એટલે પ્રજાઓની મહત્ત્વાકાંક્ષાઓ અને અનુભૂતિઓના સદીઓ જૂના હૃદય ધબકારની કથા. મનુષ્યનું ઘડતર કેવી રીતે થયું તેનો ચિતાર ઇતિહાસ સંગ્રહી બેઠો હોય છે. નરેન્દ્રનાથનું ક્રાંતદર્શી જ્ઞાન આમ વિકસે છે, આમ જ તેમની બુધ્ધિ આત્માને, દેદીપ્યમાન બનાવે છે. અને આમ જ એક યુગદૃષ્ટા ચેતન પુરૂષ ભારતવર્ષની માટીમાંથી ઊભો થાય છે.

યુવાકાળ પ્રાપ્તિનો કાળ છે. જે કંઇ પ્રાપ્ત કરવું હોય તે આ સમયની તપન અને તડપ ઉપર આધારિત છે. વિશ્વના મહાન કેરેટકર્સ યુવાનીમાં ખૂબ તપ્યાં છે. ત્યાગ અને સમર્પણ અમસ્તુ કરતાં કરતાં એક પ્રતિભા નિર્માણ થતી હોય છે. હજારો - લાખો - કરોડો લોકો તેની સાધના - મહેનતથી અંજાય છે. આવી સ્થિતિ નિર્માણ કરવા માટે, ખરેખર શું કરવું જોઇએ? અનેક પ્રશ્નો મારા - તમારા દિમાગમાં પ્રગટે છે.

જવાબ ગીતાકારે યુગો પહેલાં આપ્યો છે. એ પરમતત્ત્વમાં મન પરોવીને કામ કરે રાખવાનું. પાગલપન સવાર થઇ જાય તેમ. લોકોમાં પાગલ - ધૂની ખપીએ ત્યાં લગી...! એકમાત્ર ઇશ્વર તરફની નજર રાખીને જે મળે તેનો સંતોષ અને શું મેળવવું છે. તેની તમામ વગર એ દિશામાં ચાલ્યા જ કરવાનું...! મને એવું લાગે કે આપણી મરજીનું ભગવાન આપે જ છે. પરંતુ ઇશ્વરની મરજીનું આપણને મળે તો કેવું? ખરેખર એ લાજવાબ હશે.... માની ન શકાય તેવું ખુશીઓનું આભલું તો ઇશ્વરના જ લીધે મળે! બાકી બધાં સમાધાન... અતૃપ્તિ...

સ્વામીજી આપ આ જગતમાં ઇશ્વરની અકળ લીલાએ આવ્યા. વિશ્વને માર્ગદર્શન કર્યું અને આજે અમને પણ... એ જ આપની ક્રાંતદૃષ્ટિથી...! એ જ ભારતવર્ષ સાથેના અનુરાગથી...!

**સ્વીટ રેઇન :**

કોઇ પણ વ્યક્તિનાં જીવનમાં સફળતાનું માપ તેની ઇચ્છાશક્તિના વિકાસના પ્રમાણમાં જ હોય છે.

**- સ્વામીજી**

# હૃદયમાંથી જે અંતરની સરવાણી નીકળે તેને અનુસરવી તે જ સાચું ધર્માનુસરણ છે

## હૃદયનો ધ્વનિ એ જ ઋચા છે... - વિચારયાત્રા

- જય ઓઝા

કોઇ પુરાતન શાસ્ત્રનું કથન છે, તો શું?

જે હૃદયનું કથન છે, એથી મોટું શાસ્ત્ર છે શું?

જે તે પુરાણમાં મનુએ કહ્યું, એ જ આજે સત્ય છે?

હૃદયનો ધ્વનિ જ ઋચા છે, તમે જ છો મનુ!

તરસ્યાની તરસ મિટાવવા શું મનુ આજ્ઞા જોઇશે?

દુ:ખિયારાના આંસુ લૂછવામાં શું શાસ્ત્ર પ્રમાણ જોઇશે?

ડૂબતાં અછૂત શિશુને બચાવતાં બ્રહ્મત્વ જશે શું?

આમ ચૂપચાપ બેસી રહેવામાં શાસ્ત્ર સંમત છે શું?

ખેર, આવું તો મનુએ કયારેય કહ્યું પણ નહીં હોય,

સ્વર્ગ-નર્ક ખરેખાત શાસ્ત્રોક્ત છે શું?

હૃદયનો ધ્વનિ જ ધર્મ-નિધિ, કર્મનિધિ છે

આ જ ધ્વનિ અને કર્મ પર વિશ્વાસ કરો...

વિશ્વાસ કરો આ સિવાય અન્ય કોઇ ઋચા નથી.

પુરાતન ઋષિ પણ આપણા જેવા માનવી હતા,

કાળ અને દેશો માટે આ જ અનુરૂપ છે

આપણું હૃદય જ આપણું ધર્મસૂત્ર છે...

**- કુવેમ્પુ**

આ કન્નડ કવિતાનો શિવાનંદ જોશીએ હિંદી અનુવાદ કર્યો છે...

આપણી આ નબળાઇ કે લુચ્ચાઇ ખબર નહીં શું કહેવું યોગ્ય છે? પરંતુ બંનેમાંથી એક કાયમ રહી છે, કે આપણે કોઇ પણ કૃત્ય - અપકૃત્ય થતાં જોઇએ કે ખુદ કરતાં હોઇએ તેને જસ્ટીફાય કરવા શાસ્ત્રોનો કે આપણા પૂર્વજોનો દાખલો આપતાં રહીએ છીએ...

કવિએ અહીં ખૂબ મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો છે... કે આપણાં ધર્મગ્રંથોમાં જે વાતો કહેવામાં આવી છે, તે જો અત્યારનાં સમયમાં તર્કસંગત ન લાગે, તો બેઝિઝક તેને બદલી નાખવી જોઇએ... આપણું દિલ શું કહે છે, તે અંતરાત્માના અવાજને અવગણીને શા માટે પુરાતન કથનને વળગ્યા રહેવું!

‘મનુ સ્મૃતિ’માં સમાજના રીતિ-રિવાજો અને બંધારણ દર્શાવવામાં આવ્યું છે. આપણામાંના ઘણાં બધાં આ ગ્રંથનો મન ફાવતો અર્થ કરીને, સગવડીયો ધર્મ નિભાવતા રહીને જાણતા અજાણતાં અધમ કૃત્ય આચરતાં હોઇએ છીએ...

તે સમય - સ્થળ - લોકો બધું જ અલગ હતું, આજે ૨૧મી સદીમાં સમૂળગું વિશ્વ, પરંપરાઓ, લોકો બદલાઇ ગયા છે, ટેક્નોલોજી અને નોલેજની શતાબ્દીમાં આપણે જીવી રહ્યાં છીએ... Google પર ભલભલા પ્રશ્નો સર્ચ કરીને જવાબ મેળવી લઇએ છીએ... પરંતુ દંભી માનસિકતામાંથી બહાર આવતા નથી...શા માટે કોઇ દુઃખી કે ગરીબને મદદ કરતા હાથ પાછા ફરે છે...!

વાસ્તવમાં કોણ જોવા ગયું છે કે, “સ્વયં મનુ આવું જ ઇચ્છતા હશે! જેમ-જેમ આગળ જમાનતો વધતો ગયો તેમ - તેમ ગ્રંથમાં ચેડા કરી કરીને પોતાનો સગવડીયો ર્ત સમજાય તેવાં જોડકણાં મુકીનાં શાસ્ત્રપ્રમાણ દ્વારા વાત ગળે ઉતારી દેવામાં આપણે પાક્કા છીએ.”

અસ્પૃશ્યતા અને દલિત શબ્દ હવે માત્ર શબ્દકોશમાં મળે છે, વર્ષોથી આપણો દેશ આ બદીમાંથી બહાર આવી ગયો છે, અમુક-તમુક ગામોમાં પ્રયત્ન ચાલું છે, પરન્તુ મોટા ભાગે અસ્પૃષ્યતા જેવી કોઇ વાત આજના જમાનામાં રહી નથી...

ડો. ભીમરાવ આંબેડકરે સંવિધાનની રચના વખતે અસ્પૃશ્ય લોકોને પણ આગળ વધવાનો મોકો મળે, તે માટે અનામતની જોગવાઇ ગોઠવી હતી... તે પણ અમુક વર્ષો સુધી જ લાગૂ કરવાની હતી...

કારણ કે ધારો કે, આજે એક વિદ્યાર્થી અનામતનો લાભ લઇને સારી પોસ્ટ પર નોકરી કરી શકે, ઉચ્ચ અભ્યાસ કરી શકે, તો ત્યાર પછી, તેની આવનારી બીજી પેઢીમાં તે ખરેખર અસ્પૃશ્ય કે બિચારા - બાપડા નથી રહેતા, કે તેમને અનામતની આવશ્યકતા રહે...

સાધન - સંપન્ન ઉચ્ચ અધિકારીના સંતાનોને શિષ્યવૃતિ કે અનામત સીટની કોઇ જરૂર નથી રહેતી... અને આ લખનારે એવા ઘણાં સ્વાભિમાની વ્યક્તિ જોયા છે, જેમણે અનામત કેટેગરીમાં નહીં પરંતુ ઓપન કેટેગરીમાં પોતાની કાબેલિયતનાં જોરે નોકરી મેળવી છે, કે પછી મેડિકલ કે એન્જિનીયરીંગમાં એડમિશન મેળવ્યાં છે...

અનામત આપવા માટે કોઇ એક કાયદો ક્રાયટેરીયા રાખવો જરૂરી છે... હવે ૧૯૪૭ થી ૫૦ કે ૫૫ માં આપણા દેશની જે દશા હતી, તે પ્રમાણે સંવિધાનમાં આ રચના થઇ. આજે હવે તેમાં સુધારો કરવો જરૂરી છે, પરંતુ સરકારી નીતિઓનો મનફાવે તો ઉપયોગ કરીને આજના રાજનેતાઓએ દેશનો અને પ્રજાનો કચ્ચરઘાણ બોલાવી દીધો છે...

હવે જો ૫૦-૬૦ વર્ષ પહેલાં લખાયેલ સંવિધાનમાં પરિવર્તન લાવવાની જરૂર જણાતી હોય તો શું ધર્મગ્રંથોમાં હજારો વર્ષ પહેલાં જે બાબતો લખાઇ ચુકી છે, તેને જળોની જેમ ચોંટી રહેવામાં કયાંનું ડહાપણ છે?

પચાસ કરોડનું આંધણ માનનીય કસાબ મહાશય પાછળ આપણાં તંત્ર દ્વારા થયું. હમણાં છેક આટલા વખત પછી તેને ફાંસી આપવાનાં ફેંસલામાં બીજા નંબરનું પગથિયું પાર થયું, હજી બીજા ત્રણ સ્ટેપ બાકી છે... અફઝલ ગુરૂની દયાની અરજી હજી આજેય રાષ્ટ્રપતિ ભવનનાં પડી છે...

શું આમા પરિવર્તનની જરૂર નથી? પરંતુ પરિવર્તન, શબ્દની આપણને જાળ લાગે છે...‘ચાલવા દો, જવા દો’ વાળી આપણી માનસિકતા આપણને એક દિવસ ખતમ કરી દેશે...

સ્વયંની ચેતના જાગૃત કરીને, પોતાના સિધ્ધાંતો પ્રમાણે જીવન જીવવામાં જ સાફલ્ય છે...

કોઇ ગરીબને મદદ કરવી એવા વચનો કયા ધર્મગ્રંથમાં કયા પાના પર લખ્યાં છે, ત્યાં સુધીમાં તો પેલો ચાલ્યો પણ ગયો હશે!

‘દિખાઓ પે મત જાઓ, અપની અક્લ લગાઓ’ પોતાની સમજશક્તિ પ્રમાણે, દિલના અવાજને પિછાણીને કામ કરવામાં જે સંતોષ મળે તે જ સ્વર્ગ છે... બાકી સ્વર્ગ અને નર્ક કોણ જોવા ગયું છે!

બધા જ ધર્મગ્રંથોનું વાંચન કરીને તેનો અર્ક ગળે ઉતાર્યા પછી જે આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે જ સાચું ધર્માનુસરણ છે... અને દરેક ધર્મ પણ એવું જ કહે છે, કે આ બધા પુસ્તકોનો અભ્યાસ કરીને આપણે સ્વયં સારા-નરસાનો વિવેક કરતા શીખીએ... સ્પષ્ટ થતાં શીખીએ, ઋજુ હૃદયવાળા બનીએ...


વેદોની ઋચાઓને સમજ્યા વગર રટે રાખવી કે પછી ગીતાના પાઠ પોપટની જેમ ગોખીને વાંચી જવાથી ધાર્મિક નથી બનાતું...

હૃદયમાથી જે અંતરની સરવાણી નીકળે તેને અનુસરવી તે જ સાચું ધર્માનુસરણ છે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૪જી સપ્ટેમ્બર**



- **હિંદના દાદા - દાદાભાઇ નવરોજીનો જન્મ ૪-૯-૧૮૨૫. ધી સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાઇન્ટીફીક સોસાયટીનાં સ્થાપક. રાષ્ટ્રીય મહાસભાના ત્રણવાર પ્રમુખ બન્યા. ‘સ્વરાજ’ શબ્દનો પ્રયોગ કર્યો. ૩૦-૬-૧૯૧૭ માં તેમનું અવસાન થયું.**
- **૧૪૨૯ ની ૪થી સપ્ટે. ગ્રાફ ઝેપેલિયન હ્યુગો એકન રે પૃથ્વીની પ્રદક્ષિણા પુરી કરી.**
- **દાનની પ્રવૃત્તિમાં મોટા પ્રવાહ વહેવડાનાર, ગુજરાત સંત ચુનીલાલ આશારામ ભગત - શ્રી મોટાનો જન્મ ૧૮૯૮ વડોદરાના સાવલી ખાતે.**
- **એડવર્ડ ગ્રીન - નોર્વેના સુપ્રસિધ્ધ સંગીતકારનું અવસાન - ૧૯૦૭.**



- **એલ્યુમિનોટ - સબમરીન દરિયાની અંદર ૧૫,૦૦૦ ફીટ નીચે ઉતારવામાં આવી - ૧૯૬૪.**

# યુવાનનું હૃદય સાતવાર બંધ, આઠમીવાર ધબકતું કરનાર સર્જન, પાછા સર્જક, વક્તા ડૉ. કમલ પરીખ

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

“જીવનનો કોઇ સારા કાર્યમાં ઉપયોગ કરવો તેમાં જીવનની સાર્થકતા રહેલી છે.”

**- રવીન્દ્રનાથ ટાગોર**

માતા શારદાબહેન અને પિતા ચીમનલાલના કમલ જેવા અનેક ગુણો ધરાવતા સુપુત્રનું નામ છે : કમલભાઇ પરીખ. ઝાલાવાડના ધ્રાંગધ્રા ગામે તા. ૩૦ નવેમ્બર, ૧૯૬૬ના રોજ જન્મેલા કમલભાઇનું મૂળ વતન પણ ધ્રાંગધ્રા છે. એમ.ડી. ની (ઇન્ટરનલ મેડિસીન) ઉપાધિથી વિભૂષિત આ કાર્યદક્ષ યુવાન વ્યવસાયે ડોકટર તરીકે કાર્યરત છે.

ગાયકવાડની કલા, સંસ્કાર નગરી વડોદરા ખાતે વર્ષ - ૧૯૯૬માં ડો. બીનાબહેન (એમ.ડી. ગાયનેક) સંગાથે પરિણયની શરૂઆત કરનાર કમલભાઇ - બીનાબહેનને સુપુત્રી હેલી અને સુપુત્ર હૃદયની પ્રાપ્તિ થઇ છે.

કોમ્પ્યુટર યુગ વિશે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં તેઓ કહે છે કે, “જરૂરીયાત પ્રમાણે શીખું છું.” વાંચન માટે રોજ એક કલાકનો સમય ફાળવવા કમલભાઇ ટી.વી. સિરિયલમાં હાસ્યની સિરિયલ વધુ પસંદ કરે છે. બાધા, આખડી, માનતામાં બહુ અંશે નહીં માનનારા આ યુવાન જૈનધર્મની પરંપરા મુજબ ઉપવાસ, વ્રત, એકટાણાં કરે છે અને જાતે પૂજા-પાઠ પણ કરી લે છે. ચૌદ દેશોની મુલાકાત લઇ જ્ઞાનનો ભંડાર સમૃધ્ધ કરનાર કમલભાઇએ પર્યટનો, પ્રવાસો કર્યા છે. અનેક સંસ્થાઓ સાથે કદમ મિલાવી રચનાત્મક સર્જનાત્મક કાર્યમાં રમમાણ રહેતાં કમલભાઇનાં જીવનમાં બનેલાં યાદગાર અકસ્માતે તેમના જીવનમાં જીવનદાન બક્ષ્યું છે. વર્ષ હતું ૧૯૮૦નું. રાજકોટ-પાલનપુર એસ.ટી. બસમાં મુસાફરી કરતા કમલભાઇનો આબાદ બચાવ થયો હતો અને આ ક્ષણોને તેઓ આજે પણ ભૂલી શક્યા નથી. ઇશ્વર, દેવ ગ્રંથો ઉપર વિશ્વાસ રાખનારા ડો. પરીખે ગુપ્તદાનના ભાગરૂપે જરૂરિયાતમંદ લોકોને મદદ પણ કરી છે અને કરતાં રહે છે.

તેઓએ જીવનના એક પ્રેરક પ્રસંગનું, અવતરણ આપતા કહ્યું હતું કે, જેની ભરયુવાનીનો સૂર્યોદય સૂર્યાસ્તમાં પરિણામી ચૂક્યો હતો. ત્રેવીસ વર્ષના યુવાન દર્દીનું સાત વાર બંધ પડી ગયા બાદ આઠમી વખત તેનું હૃદય પુનઃ ધબકતું કરી શક્યો. તે ક્ષણને હું કેમ ભૂલું?

ડો. કમલ પરીખ માત્ર તબીબ નથી. પણ બહુમુખી પ્રતિભાના ધની છે. ૧૯૮૯-૯૦ ગુજરાત બિરાદરીની સાથે જોડાયા. વિમલાતાઇના સાનિધ્યમાં પદયાત્રા કરી.



ગ્રામ્યજીવન અને સ્વાસ્થ્યનો અભ્યાસ કર્યો.

૧૯૯૧-૯૩ માં એમ.ડી.ના અભ્યાસક્રમ દરમિયાન સાઉથ એશિયન ફર્ટીલીટી ગ્રુપની સાથે ભારતના વિવિધ રાજયોમાં યુવા શક્તિને બહાર લાવવા માનસ પરિવર્તનના પ્રયોગો કર્યા.

૧૯૯૪થી યુવાવર્ગ, વિશ્વશાંતિ, મેડિકલ વિજ્ઞાન અને વિવિધ વિષયો ઉપર NGO ની સાથે રહીને ગુજરાત અને ગુજરાતની બહાર પ્રવચનો આપ્યા.

૧૯૯૪ થી ૨૦૦૦ સુધી ટ્રસ્ટ બેઇઝ હોસ્પિટલમાં રહી દરિદ્રનારાયણની સેવાનો યજ્ઞ કર્યો.

૧૯૯૮માં IMA નેશનલનો બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ મળ્યો.

વર્ષ ૧૯૯૯માં Dr. Y.S.Rajan, Dr. Atre સાથે ન્યુરોલોજી એન્ડ બિયોન્ડ જેવા ગહન વિષય પર પ્રવચન કરી અને રાષ્ટ્રીય ક્ષેત્રે ઓળખ ઊભી કરી. ત્યાર બાદ ઇન્ડિયન ફિલોસોફી રિસર્ચ સોસાયટી, ધીરૂભાઇ અંબાણી એજ્યુકેશન ટ્રસ્ટ, ઇન્ડિયન બિરાદરી વગેરે દ્વારા વિવિધ સંસ્થાઓને જુદા જુદા વિષય ઉપર પ્રવચન આપવા માટે આમંત્રિત કર્યા હતા.

વર્ષ ૨૦૦૦ થી લાઇફ સ્ટાઇલ મેનેજમેન્ટ ઉપર દર મહિનાના છેલ્લા રવિવારે ‘How not to fall sick’ જે અમેરિકાની હેલ્થની પ્રચલિત શ્રેણીનો પ્રારંભ રાજકોટ ખાતે લાઇફ બિલ્ડીંગમાં કર્યો.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**